# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર
## સિન્ડિકેટની સભા (તારીખઃ૧૬/૦૭/૨૦૧૯, મંગળવાર)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, **તારીખઃ૧૬/૦૭/૨૦૧૯, મંગળવાર**ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. કે. સી. પટેલ |
| ૩) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ |
| ૪) | ડૉ. વિજયસિંહ એમ. વનાર |
| ૫) | ડૉ. ભાવેશ ડી. પટેલ |
| ૬) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાચી |
| ૭) | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૮) | ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી |
| ૯) | ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી |
| ૧૦) | શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ |
| ૧૧) | ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી |
| ૧૨) | શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ |
| ૧૩) | શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ |
| ૧૪) | શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૫) | શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ |
| ૧૬) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

| | |
|---|---|
| ૧) | ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય |
| ૨) | ડાયરેક્ટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન |
| ૩) | જોઇન્ટ ડાયરેક્ટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય) |
| ૪) | શ્રી અલ્પેશ હરીશભાઇ પુરોહીત |
| ૫) | શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ(જાણ કરી) |
| ૬) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૭) | શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ(જાણ કરી) |
| ૮) | શ્રી રાહુલ આનંદ દલાલ |
| ૯) | શ્રી મનિષ એસ. પટેલ (પત્ર દ્વારા જાણ કરી) |
| ૧૦) | શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ |

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

અધ્યક્ષ સ્થાનેથી કુલપતિશ્રીએ હાજર રહેલા સૌ સભ્યશ્રીઓને આવકારી, ગુરુ પૂર્ણિમા નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.

સિન્ડિકેટ સભ્યશ્રી રાજેશ પટેલે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી મેળવી સભાની શરૂઆતમાં નીચે પ્રમાણેની માહિતી આપી હતી.

૧) ગુજરાત રાજયના નવનિયુક્ત રાજયપાલશ્રી આચાર્ય દેવદતને આવકારી અભિનંદન પાઠવવા તથા વિદાયમાન રાજયપાલશ્રી ડો. ઓ. પી કોહલીનો તેમના કાર્યકાળ દરમ્યાન ગુજરાતની યુનિવર્સિટીઓને મળેલા શૈક્ષણિક વિચારધારાનું જે યોગદાન પ્રાપ્ત થયું છે તે બદલ યુનિવર્સિટી પરિવાર હંમેશા આભારી રહેશે.
૨) વધુમાં તાજેતરમાં માનનીય રાજયપાલશ્રી ડો. ઓ. પી કોહલીના વરદ હસ્તે કુલપતિશ્રી પ્રો. શિરીષ કુલકર્ણી લિખિત શ્રેણી-લેખોનું સંપુટ પુસ્તક સ્વરૂપે 'GST- એક દેશ એક વેરો' નું વિમોચન કરવામાં આવ્યું છે, તે બદલ સૌ સિન્ડિકેટ સભ્યશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા અને સદર પુસ્તક વ્યાવસાયિકો તથા શિક્ષકો અને વિધાર્થીઓને ઉપયોગી થશે.
૩) પ્રથમ વર્ષ બી.કોમ.માં સીલેબસ મુજબ કુલ ૯ પુસ્તકો સરદાર પટેલ યુનિવર્સિટી પરિવારના શૈક્ષણિક કર્મચારીઓની મદદથી તૈયાર કરવામાં આવ્યા છે તે બદલ સદર પુસ્તકના સંપાદકો-સમિક્ષકો, એક્ષર્ટનલ વિભાગ, સદર પુસ્તકો તૈયાર કરવામાં મદદરૂપ ડેટા એન્ટ્રી ઓપરેટર્સ, યુનિવર્સિટી પ્રેસને અભિનંદન પાઠવવામાં આવ્યા.

## (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ ૧૪/૦૬/૨૦૧૯ને શુક્રવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ૧ પૃ.૧ થી ૧૫)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૪/૦૬/૨૦૧૯ને શુક્રવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખઃ ૧૪/૦૬/૨૦૧૯ને શુક્રવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ૨ )

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૪/૦૬/૨૦૧૯ને શુક્રવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.**

૩.૧ કા.આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.SC(BACHELOR OF SCIENCE)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૨૮/૦૬/૨૦૧૯ના પત્રાંકઃ-૨/ ૮૨૮/૨૦૧૯-૨૦ થી કરેલ અરજી ઉપર સ્કુટીની સમિતી બાદ સ્થાનિક તપાસ સમિતિ(LIC)/સ્થળ તપાસ સમિતી(OTS) નીમવા માટે વિચારણા કરવા બાબત.

૩.૨ કા.આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.SC(BACHELOR OF SCIENCE)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા બીજુ વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૨૮/૦૬/૨૦૧૯ના પત્રાંકઃ-૨/ ૮૨૭/૨૦૧૯-૨૦ થી કરેલ અરજી ઉપર સ્કુટીની સમિતી બાદ સ્થાનિક તપાસ સમિતિ(LIC)/સ્થળ તપાસ સમિતી(OTS) નીમવા માટે વિચારણા કરવા બાબત.

૩.૩ કા.આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.SC(BACHELOR OF SCIENCE)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા ત્રીજુ વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૨૮/૦૬/૨૦૧૯ના પત્રાંકઃ-૨/ ૮૨૫/૨૦૧૯-૨૦ થી કરેલ અરજી ઉપર સ્કુટીની સમિતી બાદ સ્થાનિક તપાસ સમિતિ(LIC)/સ્થળ તપાસ સમિતી(OTS) નીમવા માટે વિચારણા કરવા બાબત.

૩.૪ કા.આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.SC(BACHELOR OF SCIENCE)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા ચોથું વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૨૮/૦૬/૨૦૧૯ના પત્રાંકઃ-૨/ ૮૨૬/૨૦૧૯-૨૦ થી કરેલ અરજી ઉપર સ્કુટીની સમિતી બાદ સ્થાનિક તપાસ સમિતિ(LIC)/સ્થળ તપાસ સમિતી(OTS)નીમવા માટે વિચારણા કરવા બાબત.

૩.૫ કા.ડાયરેકટરશ્રી, શ્રી એ. એન. પટેલ પોસ્ટ-ગ્રેજયુએટ ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે M.Sc(ORGANIC CHEMISTRY) નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા બીજુ વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૨૬/૦૬/૨૦૧૯ના પત્રાંકઃANP/૨૦૧૯-૨૦૨૦/૦૪૫થી કરેલ અરજી ઉપર સ્કુટીની સમિતી બાદ સ્થાનિક તપાસ સમિતિ(LIC)/સ્થળ તપાસ સમિતી(OTS) નીમવા માટે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત ક્રમાંકઃ ૩.૧ થી ૩.૫ માટે કરેલ અરજીઓ માટે સ્કુટીની સમિતી બાદ સ્થાનિક તપાસ સમિતિ(LIC)/સ્થળ તપાસ સમિતી(OTS) નીમવાની સત્તા કુલપતિશ્રીને આપવી.**

**(જનરલ વિભાગ)**

૪. Zytex Biotech Pvt. Ltd, Vadodara દ્વારા ડૉ. હરેશ કેહરિયા પ્રોફેસર, અનુસ્નાતક બાયોસાયંસીસ વિભાગની સંશોધન યોજના Isolation and screening of Bacilli strains for application as direct fed microbials as direct fed microbials in poultry ત્રણ વર્ષ માટે મંજૂર કરી પ્રથમ વર્ષના આવર્તક ખર્ચ માટે રૂ. ૪,૫૧,૦૦૦/-નું મંજૂર થયેલ અનુદાનની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે Zytex Biotech Pvt. Ltd, Vadodara દ્વારા ડૉ. હરેશ કેહરિયા પ્રોફેસર, અનુસ્નાતક બાયોસાયન્સીસ વિભાગની સંશોધન યોજના Isolation and screening of Bacilli strains for application as direct fed microbials as**

**direct fed microbials in poultry ત્રણ વર્ષ માટે મંજૂર કરી પ્રથમ વર્ષના આવર્તક ખર્ચ માટે રૂ. ૪,૫૧,૦૦૦/-નું મંજૂર થયેલ અનુદાનની નોંધ લીધી અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

૫. સરદાર પટેલ યુનિવર્સિટી સુપર કોમ્પ્યુટર ફોર સ્ટુડન્ટ એન્ડ એકેડેમિક રિસર્ચ સેન્ટર સ્થાપવા માટે ગુજકોસ્ટ(GUJCOST) ગુજરાત સરકારની મંજૂરી મળેલ છે તેની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટી સુપર કોમ્પ્યુટર ફોર સ્ટુડન્ટ એન્ડ એકેડેમિક રિસર્ચ સેન્ટર સ્થાપવા માટે ગુજકોસ્ટ(GUJCOST) ગુજરાત સરકારની મંજૂરી મળેલ છે તેની સાભાર નોંધ લેવી અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

**(મહેકમ વિભાગ)**

૬. અનુસ્નાતક એમ.બી.એ વિભાગમા સ્વીપર તરીકે ફરજ બજાવતા શ્રી ધનશ્યામભાઇ પી. હરીજનને સોંપવામા આવેલ કામગીરી બજાવવામા અનિયમીતતા અને ફરજ ઉપરની વાંરવાર ગેરહાજરી/ અનિયમીતતા બાબતે વિચારણા કરવા બાબતઃ

**અનુસ્નાતક એમ.બી.એ વિભાગમા સ્વીપર તરીકે ફરજ બજાવતા શ્રી ધનશ્યામભાઇ પી. હરીજનને સોંપવામા આવેલ કામગીરી બજાવવામા અનિયમીતતા અને ફરજ ઉપરની વાંરવાર ગેરહાજરી/અનિયમીતતા બાબતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યુ,**

**૨૦૦૫ થી ૨૦૧૯ સુધી ૪૮ વખત નોટીસ પાઠવી હોવા છતાં, છેલ્લા કેટલાક વર્ષોથી શ્રી ધનશ્યામભાઇ પી. હરીજન, સ્વીપર તરીકેની તેઓની બેદરકારી અને ગેરશિસ્ત ફરજો પ્રત્યે બેજવાબદાર હોવાથી, કુદરતી ન્યાયના સિધ્ધાંત અંતગર્ત તેઓને રૂબરુ સાંભળી યોગ્ય તે ખુલાસો મેળવી, આગળની યોગ્ય તે કાયદાકીય કાર્યવાહી કરવા માટે ભલામણો મેળવવા નીચેના સભ્યશ્રીઓની એક સમિતીની રચના કરી.**

**૧) ડૉ. કે.સી. પટેલ ૨) ડૉ. નિરંજન પટેલ ૩) ડૉ. યજ્ઞેશકુમાર દલવાડી.**

(**એકેડેમિક વિભાગ**)

૭. આચાર્યશ્રી, સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, આણંદના તારીખઃ ૨૯/૪/૨૦૧૯ના પત્ર નં. CPC/2019-20/67થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Ankita Rameshbhai Brahmbhatt<br>બી.કોમ. ૧૯૯૯ ૬૦%<br>એમ.કોમ. ૨૦૦૮ ૭૩.૧૨%<br>એમ.ફીલ. (કોમર્સ) ૨૦૦૯ ૭૧.૨૫%<br>**પી.એચડી. (કોમર્સ) ઓગષ્ટ-૨૦૧૩** | Assistant Professor in Commerce / Management | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૨. | Dr. Inaben Manherbhai Raval<br>બી.કોમ. ૨૦૦૭ ૪૯.૫૦%<br>એમ.કોમ. ૨૦૦૯ ૬૩.૮૭%<br>એમ.ફીલ. (કોમર્સ) ૨૦૧૦ ૭૦.૨૫%<br>**પી.એચડી. (કોમર્સ) ઓગષ્ટ-૨૦૧૬** | Assistant Professor in Commerce / Management | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૨ ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૮. **કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતી :-**

(૧) **(મંજુરી આપ્યા તા. ૨૧/૦૬/૨૦૧૯) (મહેકમ વિભાગ)**
યુનિવસીર્ટીના અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગમા આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.કોમલ એમ. વ્યાસ એ તેઓના તારીખઃ૦૪/૦૬/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃR/Chem/KMV/EL/ 2019-20/85 થી ફ્રાન્સ તથા સ્પેન (પ્રાઈવેટ વિઝીટ) જવાનું હોવાથી તારીખઃ૨૨-૬-૨૦૧૯ થી તારીખઃ૦૫-૦૭-૨૦૧૯ સુધી ૧૪ દિવસની હકક રજાઓ મંજૂર કરવા કુલપતિશ્રીએ સદર બાબત મંજૂર કર્યાના;

(નોંધઃ ઉપરોકત બાબતની ડો.કોમલ એમ. વ્યાસને આ કાર્યાલયના તારીખઃ૧૯-૦૬-૨૦૧૯ના પત્ર ક્રમાંકઃબી/પી/કેએમવી/૧૨૬૧થી જાણ કરી દીધેલ છે.)

(૨) **(મંજુરી આપ્યા તા. ૦૫/૦૭/૨૦૧૯) (પરીક્ષા વિભાગ)**
યુ.જી.સી ગાઇડ લાઇન "UGC Guidelines on Determination of a Uniform Span Period Within which a Student may be allowed to Qialify for a Degree." મુજબ માર્ચ/એપ્રિલ-૨૦૧૯થી એકેડેમીક વર્ષ-૨૦૧૧, ૨૦૧૨ તથા ૨૦૧૩માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની મુદત પૂર્ણ થતા I, III, V અને VII સેમેસ્ટરની પરીક્ષામાં નાપાસ થયેલ હોય, તેઓને ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૯ સુધી યુનિવર્સિટી પરીક્ષાની છેલ્લી તક આપવામાં આવે, જે વિદ્યાર્થીઓ II, IV, VI અને VIII સેમેસ્ટરની પરીક્ષામાં નાપાસ થયેલ છે તેઓને માર્ચ/એપ્રિલ-૨૦૨૦ સુધી યુનિવર્સિટી પરીક્ષાની છેલ્લી તક આપવમાં આવે, સદર બાબતની જાણ યુનિવર્સિટીના પરીપત્ર નંબર/ઈ-૩/૩૬૯૨ તારીખઃ૦૩/૦૭/૨૦૧૯થી તમામ સંબંધકર્તાઓને કરવામાં આવેલ જે કુલપતિશ્રીએ મંજૂર કર્યાના...

**(૩) (મંજુરી આપ્યા તા. ૨૯/૦૬/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)**
શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃપરચ/૨૦૧૮/ ૬૧/ખ-૧ તારીખઃ ૦૩/૦૭/૨૦૧૯ના અનુસંધાનમાં હાલના યુનિવર્સિટીના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના સમય પત્રક (ટર્મશીડયુલ)માં નવરાત્રી વેકેસન રદ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ (સુધારા સહિત)નું **(Revised)** સમય પત્રક (ટર્મશીડયુલ) કુલપતિશ્રીએ આ સાથે પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કર્યાના; (બિડાણઃ૭ પૃઃ ટર્મશીડયુલ )

(નોંધ : આ અગાઉ તારીખઃ ૧૦/૫/૨૦૧૯ના રોજ તમામ ડીનશ્રીઓ, તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ અને સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા પ્રમુખ/મંત્રીશ્રી સ્પુટા/સ્પુઆટાની મળેલ સભાએ વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, મેનેજમેન્ટ, શિક્ષણ, કાયદો, ગૃહવિજ્ઞાન, મેડિસિન, હોમિયોપેથિક, વિદ્યાશાખાઓના સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦નું સત્રારંભ, દિવાળીની રજાઓ, સત્રાંત તથા ઉનાળુ વેકેશન વગેરે માટેનું સમયપત્રક (ટર્મ શિડયુલ) તૈયાર કરેલ જેને તારીખઃ૧૮/૫/૨૦૧૯ના રોજ કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે.)

(૪) **(મંજુરી આપ્યા તા. ૦૨/૦૭/૨૦૧૯) (એકેડેમિક વિભાગ)**

કા.આચાર્યશ્રી, એમ.બી.પટેલ સાયન્સ કોલેજ, આણંદના તારીખઃ ૧/૭/૨૦૧૯ના પત્ર નં. W-2/830/ 2019-20થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને તારીખઃ૨૭/૧૨/૮૬ની સિન્ડિકેટ સભાએ ઈલેકટ્રોનીકસ વિષયમાં અધ્યાપક તરીકે માન્યતા આપેલ હતી. તેઓ એમ.એસસી. (ફીઝીકસ)ની ડીગ્રી ધરાવતા હોવાથી તેઓને ફીઝીકસ વિષયના અધ્યાપક તરીકે પણ માન્યતા આપવા કરેલ વિનંતીના સંદર્ભમાં સદર અધ્યાપકોને ફીઝીકસ વિષયના અધ્યાપક તરીકે આપેલ માન્યતાને સિન્ડિકેટની સભાની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

**એમ.બી.પટેલ સાયન્સ કોલેજ, આણંદ**

| **અ.નં.** | **નામ અને લાયકાત** | **નિમણૂંકનો હોદ્દો** |
|---|---|---|
| ૧. | Dr. Ravindrapal Mohanlal Joshi<br>બી.એસસી. (ફીઝીકસ) ૧૯૮૦ ૬૫.૭૯%<br>એમ.એસસી. (ફીઝીકસ) ૧૯૮૨ ૬૨.૧૨%<br>**પી.એચડી. (ફીઝીકસ) ૧૯૯૧** | Assistant Professor in Physics |
| ૨. | Vyas Truptiben Madhusudan<br>બી.એસસી. (ફીઝીકસ) ૧૯૮૪ ૭૬.૭૮%<br>એમ.એસસી. (ફીઝીકસ) ૧૯૮૬ ૫૮.૨૦%<br>એમ.ફીલ. (ફીઝીકસ) ૧૯૯૩ ૭૪.૨૮% | Assistant Professor in Physics |

(૫) **(મંજુરી આપ્યા તા. ૧૦/૦૭/૨૦૧૯) (પરીક્ષા વિભાગ)**

તા.૧૯/૦૬/૨૦૧૯ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિઓએ કરેલી ભલામણોની કાર્યનોંધને કુલપતિશ્રીએ મંજૂર કરી જાહેરનામું પ્રસિદ્ધ કર્યાના... (બિડાણઃ૮ પૃઃ કાર્યનોંધ તથા જાહેરનામું)

**કુલપતિશ્રીએ ઉપરોકત મંજૂર કરેલ કાર્ય બાબત ક્રમાંકઃ ૮.૧ થી ૮.૫ ને બહાલી આપવામાં આવી, તથા પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો, સુધારા સહિતના જાહેરનામુંને બહાલી આપવામાં આવી.**

**(પરીક્ષા વિભાગ)**

૯. ડિસેમ્બર - ૨૦૧૯માં યોજાનાર ૬૨મા વાર્ષિક પદવીદાન સમારંભના મુખ્ય અતિથિ નકકી કરવા બાબત. (બિડાણઃ ૩ પૃઃ ૧૬ થી ૨૦)

**આથી ઠરાવવામાં આવે છે કે આગામી તારીખઃ૧૫/૧૨/૨૦૧૯ના રોજ યોજાનારા ૬૨મા વાર્ષિક પદવીદાન સમારંભ સમયે મુખ્ય અતિથિ તરીકે (૧) માનનીય શ્રી વૈંકયા નાયડુ, ઉપરાષ્ટ્રપતિ, (૨) પ્રિન્સીપાલ અનિરુધ્ધ દેશપાંડે, (૩) શ્રી ઉર્જીત પટેલ, પૂર્વ ગર્વનર, રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા, (૪) શ્રી પંકજ પટેલ, કેડીલા/ઝાયડસ ગ્રુપમાંથી આમંત્રિત કરવા અંગે કુલપતિશ્રીની કક્ષાએથી પ્રયત્ન કરી નામ નક્કી કરવાની સત્તા આપવામાં આવી.**

**૧૦. <u>યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ઓનડીમાન્ડ પરીક્ષા બાબતઃ (O.D.E.S: On Demand Examination Scheme)</u>**

(૧) વિદ્યાર્થી કોઇ પણ એક સેમેસ્ટર માટે O.D.E.S માં મહતમ ત્રણ પ્રયત્નો આપી શકશે.

(૨) ઓનડીમાન્ડ પરીક્ષા દરમ્યાન જે વિષયમાં ગેરરીતી આચરતા પકડાયેલ વિદ્યાર્થીઓને તે વિષયમાં "0" (zero) માર્કસ મુકી પરીણામ જાહેર કરવું, અને તેવા વિદ્યાર્થીઓને On Demand Examination Scheme ની ભવિષ્યમા કોઇ તક મળશે નહી.

(૩) ઓનડીમાન્ડ પરીક્ષા અંતર્ગત વિદ્યાર્થી પરીક્ષા શરૂ થયા પછી એક કલાક પહેલા પરીક્ષા ખંડ છોડી શકશે નહીં.

(૪) યુનિવર્સિટી સેમેસ્ટર પરીક્ષામાં "NC" remarks વાળા જ વિષયમા પરીક્ષાર્થીઓ On Demand પરીક્ષા આપી શકશે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે લેવાતી O.D.E.S અંગે ઉપરોકત રજૂ થયેલ બાબતો પરિક્ષાર્થીઓ અવગત થાય તે હેતુસર**

**૧) પરીક્ષા ફોર્મ અને હોલ ટીકિટમાં સદર બાબતોનો ઉલ્લેખ કરવો.**
**૨) વૉકેશનલ કોર્ષિસ માટે ઓનડીમાન્ડ પરીક્ષાનું પ્રયોજન રહેશે નહી.**
**૩) યુનિવર્સિટીની સેમેસ્ટર પરીક્ષાઓમાં 'NC'- Not clear વિષયો પાસ/કલીયર માટે જ 'O.D.E.S' છે. માર્ક સુધારવા માટે 'O. D. E.S' નથી.**

**વધુમાં, આથી સર્વાનુમતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.**

**રાષ્ટ્રીય કક્ષાએ, વેસ્ટ ઝોન યુથ ફેસ્ટીવલ સ્પર્ધા, ઝોનલ/નેશનલ લેવલના સ્પોર્ટસ સ્પર્ધા/ એન.સી.સીના કેડેટ્સ આર.ડી.સી/થલ સેના કેમ્પ તથા તે મુજબ જ એન. એસ.એસ અંતર્ગત ભાગ લેતા વિદ્યાર્થીઓ જો યુનિવર્સિટીની રેગ્યુલર સેમેસ્ટર પરીક્ષા આપી ન શકે ત્યારે ખાસ કિસ્સામાં તેવા વિદ્યાર્થીઓ ઓન ડીમાન્ડ પરીક્ષા આપી શકે, જેઓની પરીક્ષા ફી રાબેતા મુજબની રેગ્યુલર પરીક્ષા ફી લેવાશે.**

**૧૧.** યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ માર્ચ/એપ્રિલ-૨૦૧૯ ની યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પરીક્ષાઓમાં પ્રાશ્નીકો/પરીક્ષકો દ્વારા પ્રશ્નપત્રમાં તથા પરીક્ષાલક્ષી કામગીરીમાં રહી ગયેલ ક્ષતિઓ બાબતની સમીક્ષા કરવા તા.૨૦/૦૪/૨૦૧૯ના રોજ મળેલ Examination Issue Committee એ આપેલ અહેવાલ પર ચર્ચા કરવા બાબત.

(બિડાણ : તા. ૨૦/૦૪/૨૦૧૯ ની Examination Issue Committeeની કાર્યનોંધ)
(ગોપનીય અહેવાલ કવરમાં સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ વિવિધ વિદ્યાશાખાઓની પરીક્ષાઓમાં પ્રાશ્નીકો/પરીક્ષકો દ્વારા પ્રશ્નપત્રમાં તથા પરીક્ષાલક્ષી કામગીરીમાં રહી ગયેલ ક્ષતિઓ બાબતની સમીક્ષા કરવા તા.૨૦/૦૪/૨૦૧૯ના રોજ મળેલ Examination Issue Committeeએ આપેલ અહેવાલનો સ્વીકાર કરવો. વધુમાં સદર પ્રાશ્નિકો દ્વારા ક્ષતિ રહી જતી હોય તેના નિવારણ માટે તથા પ્રશ્ન બેંક બનાવવા માટે Examination Reforms Council (પરીક્ષા સુધારણા કાઉન્સીલ) દ્વારા સેમીનાર/વર્કશોપનું આયોજન કરવું. વધુમાં ઠરાવવામાં આવ્યું છે.**

૧) ડૉ. જે. પી. પટેલ, વી. પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ તેઓએ જે તે પરીક્ષાનું રેમ્યુનરેશન યુનિવર્સિટીમાં જમા કરાવવું તથા ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે બાબતની કાળજી લેવા ધ્યાન દોરવા ભલામણ કરેલ છે.

૨) શ્રી નિલેશભાઇ પટેલ, (ISTAR), વલ્લભ વિદ્યાનગર તેઓએ જે તે પરીક્ષાનું રેમ્યુનરેશન યુનિવર્સિટીમાં જમા કરાવવું તથા ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે બાબતની કાળજી લેવા ધ્યાન દોરવા ભલામણ કરેલ છે.

૩) **B.Sc. V-Semester US05CMIC01 (Fundamental of Molecular Biology)** પેપરના પેપર સેટર શ્રીમતિ વી.એમ. પટેલ, વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ, તેઓએ જે તે વિષયનું રેમ્યુનરેશન યુનિવર્સિટીમાં જમા કરાવવું. તથા આગામી બે (૨) યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી કામગીરી માંથી બાકાત રાખવા તથા ભવિષ્યમાં સદર બાબતે કાળજી લેવા તેઓનું ધ્યાન દોરવા ભલામણ કરે છે.

૪) **B.Sc. V-Semester US05CMIC03 (Microbial Physiology and Enzymology)** સદર પેપર સેટર ડૉ. એચ. એન. પટેલ, વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ, તેઓએ જે તે વિષયનું રેમ્યુનરેશન યુનિવર્સિટીમાં જમા કરાવવું તથા આગામી બે (૦૨) યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી કામગીરી માંથી બાકાત રાખવા તથા ભવિષ્યમાં સદર બાબતે કાળજી લેવા તેઓનું ધ્યાન દોરવા ભલામણ કરે છે.

૫) યુનિવર્સિટી માર્ચ/એપ્રિલ-૨૦૧૯ની **B.Sc. VI-Semester US06CMIC03 (Microbial Bio Chemistry)** સદર પેપર સેટર શ્રી પી.સી. ગાંધી, એમ.બી. પટેલ સાયન્સ કોલેજ, તેઓએ જે તે વિષયનું રેમ્યુનરેશન યુનિવર્સિટીમાં જમા કરાવવું તથા આગામી બે (૦૨) યુનિવર્સિટીની પરીક્ષાલક્ષી કામગીરી માંથી બાકાત રાખવા તથા ભવિષ્યમાં સદર બાબતે કાળજી લેવા તેઓનું ધ્યાન દોરવા ભલામણ કરે છે.

૬) **B.Com. II-Semester US02SCOM21 (Climate Change & Sustainable Development)** પેપર સેટર શ્રી જીતેન્દ્રભાઇ ડામોર, આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, મહેમદાવાદ તેઓએ જે તે વિષયનું રેમ્યુનરેશન યુનિવર્સિટીમાં જમા કરાવવું તથા ભવિષ્યમાં સદર બાબતે કાળજી લેવા તેઓનું ધ્યાન દોરવા ભલામણ કરે છે.

**(એકેડેમિક વિભાગ)**

૧૨. યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ થી સ્નાતક કક્ષાએ નવો અભ્યાસક્રમ લાગુ કરેલ છે. જે વિદ્યાર્થીઓ એકેડેમિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશ મેળવેલ છે. તથા જેઓ સેમેસ્ટર-૧ તથા સેમેસ્ટર-૨ માં એક કરતા વધારે વિષયોમાં નાપાસ થયેલ છે. જેઓનું સેમેસ્ટર-૪ નું પરીણામ પેન્ડીંગ કરવામાં આવેલ છે. તેઓ સેમેસ્ટર-૫ માં જઇ શકશે નહી. જેથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં જયારે તેઓ સેમેસ્ટર-૫ માં જશે ત્યારે નવો અભ્યાસક્રમ લાગુ પડશે. જેથી તેઓને અભ્યાક્રમનો પ્રશ્ન ઉપસ્થિત થશે. સદર બાબતને ધ્યાને લેતા હાલ વિદ્યાર્થીઓને સમેસ્ટર-૫ માં જવા દેવામાં આવે તો તેમનો અભ્યાસક્રમ બાબતનો પ્રશ્ન હલ થઇ શકે તેમ છે.જેથી નીચે મુજબના વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૫ માં આગળ અભ્યાસક્રમમાં જોડાવા મંજુરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

| Name of Course | No. of Students |
|---|---|
| B.A. | 12 |
| B.Com | 49 |
| B.Sc. | 58+1=59 |
| B.S.W. | -- |
| BBA(General) | 1 |
| BBA(HM) | 1 |
| BBA(ISM) | 1 |
| B.C.A. | 6 |
| LL.B. | 3 |

**આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતની નોંધ લઇ વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં, વર્ષ ૨૦૧૮-૧૯ થી સ્નાતક કક્ષાએ નવો અભ્યાસક્રમ લાગુ કરેલ છે, અને જે વિદ્યાર્થીઓએ એકેડેમિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશ મેળવેલ છે. તથા જેઓ સેમેસ્ટર-૧ તથા સેમેસ્ટર-૨ માં એક કરતા વધારે વિષયોમાં નાપાસ થયેલ છે. જેઓનું સેમેસ્ટર-૪ નું પરીણામ પેન્ડીંગ કરવામાં આવ્યું છે, તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૫માં પ્રવેશ આપવો.**

૧૩. અધિક કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃમકમ/ESC2/ફે.બદલી/૨૦૧૯/૬૦૮૬-૬૧૨૧ તારીખઃ૨૦/૬/૨૦૧૯થી રાજયની સરકારી કોલેજોમાં જાહેર હિત અને વહીવટી સરળતા માટે Shah Pratik Ashvinkumarની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, દહેજથી શ્રી ભાઇકાકા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોજીત્રામાં આસી.પ્રોફેસર વર્ગ-૨માં એકાઉન્ટન્સી વિષયમાં બદલી કરેલ છે. તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૮/૭/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ સવિવાકો/મકમ/૨૦૧૯-૨૦/૮૭થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ (૧) Shah Pratik Ashvinkumarની શૈક્ષણિક લાયકાતની વિગત નીચે મુજબ છે.

શૈક્ષણિક લાયકાતઃ
બી.કોમ. ૨૦૦૨, ૫૯.૧૨%
એમ.કોમ. ૨૦૦૫, ૫૮.૧૨%
**યુજીસી - નેટ (કોમર્સ) જૂન-૨૦૦૬**
શૈક્ષણિક અનુભવ :
૨ વર્ષ લેકચરર (કોમર્સ અને એકાઉન્ટન્સી)
૯ વર્ષ આસી.પ્રોફેસર (કોમર્સ અને એકાઉન્ટન્સી)

(૨) Shah Pratik Ashvinkumar તારીખઃ૨૬/૬/૨૦૧૯ના રોજ ફરજ ઉપર હાજર થયેલ છે.)

**આથી ઠરાવ કરવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 ની જોગવાઇ મુજબ અધિક કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃમકમ/ESC2/ફે.બદલી/૨૦૧૯/૬૦૮૬-૬૧૨૧ તારીખઃ૨૦/૬/૨૦૧૯થી રાજ્યની સરકારી કોલેજોમાં જાહેર હિત અને વહીવટી સરળતા માટે Shah Pratik Ashvinkumarની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, દહેજથી શ્રી ભાઇકાકા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોજીત્રામાં આસી.પ્રોફેસર વર્ગ-૨માં એકાઉન્ટન્સી વિષયમાં ફેરબદલી કરેલ છે. તો તેમની નિમણૂંકને માન્યતા આપવી.**

**(મહેકમ વિભાગ)**

**૧૪.** ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૦/૦૬/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક સપચ/ ૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ અન્વયે રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓમાં વયનિવૃતિ/અવસાનના કારણે મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓ કે જે અન્ય કારણોસર રદ ન થયેલ હોય અથવા અબેયન્સમાં ન ગઇ હોય તેવી જગ્યાઓનું રોસ્ટર પ્રમાણિત કરી સદર જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવે છે. જે બાબતે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૦/૦૬/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક સપચ/૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ અન્વયે રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓમાં વયનિવૃતિ/અવસાનના કારણે મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓ કે જે અન્ય કારણોસર રદ ન થયેલ હોય અથવા અબેયન્સમાં ન ગઇ હોય તેવી જગ્યાઓનું રોસ્ટર પ્રમાણિત કરી સદર જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવી છે, તેની નોંધ લઇ પ્રર્વતમાન મહેકમને ધ્યાને લઇ ખાલી જગ્યાઓ ભરવાની યોગ્ય તે કાર્યવાહી કરવી.**

**(શારીરિક શિક્ષણ વિભાગ)**

૧૫. તારીખઃ ૧૯/૦૬/૨૦૧૯ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસ એન્ડ વેલ્ફેરની સભાએ કરેલ ભલામણો મંજૂર કરવા બાબત. (બિડાણઃ૪ પૃઃકાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ-૧૯/૦૬/૨૦૧૯ ના રોજ મળેલ યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસ એન્ડ વેલ્ફેરની સભાએ કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી.**

**વધુમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.**

**૧) રાષ્ટ્રીય/ઝોનલ કક્ષાએ સ્પોર્ટસ/યુથ ફેસ્ટીવલમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરતા વિધાર્થીઓનો વિમો ઉતારવાનું પ્રયોજન કરવું.**
**૨) રાષ્ટ્રીય/ઝોનલ કક્ષાએ પ્રતિનિધિત્વ કરનાર વિધાર્થીઓના સર્ટીફીકેટ, એનરોલમેન્ટ તથા અન્ય ડોકયુમેન્ટની યોગ્ય તે ચકાસણી કરી, બાદજ સ્પર્ધા માટે મોકલવા.**
**૩) નિતી-નિયમો વિરુદ્ધ ગેરરીતિ આચરતા પકડાયેલ પ્રતિસ્પર્ધીની અને સંબંધિત કોલેજ/ ઈન્સ્ટસટયુટ ઉપર પ્રતિબંધ(Ban) મૂકવો.**
**સદર બાબતનો પરિપત્રિત કરી સંબંધકર્તાઓને જાણ કરી.**

**(એસ્ટેટ વિભાગ)**

૧૬. તારીખઃ ૧૧/૦૭/૨૦૧૯ને ગુરુવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૫ પૃઃકાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૧/૦૭/૨૦૧૯ને ગુરુવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી.**

**(હીસાબ વિભાગ)**

૧૭. તારીખઃ ૧૧/૦૭/૨૦૧૯ને ગુરુવારના રોજ મળેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૬ પૃઃકાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૧/૦૭/૨૦૧૯ને ગુરુવારના રોજ મળેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કમિટીએ કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી. વધુમાં પ્રવર્તમાન જીમખાના ફીમાં યોગ્ય તે વધારો કરવાની શકયતાઓ ચકાસવી.**

**(યુ.જી.સી વિભાગ)**

૧૮. નેશનલ એકેડેમિક ડિપોજીટરી કે જે NSDL અને CDSL કંપનીઓ દ્વારા વિધાર્થીઓ એનાયત કરવામાં આવતા ડીગ્રી સર્ટીફીકેટનું ડિજીટલ ફોર્મમાં રૂપાંતરીત કરે છે. અને જેને ઉચ્ચ શિક્ષણ માટે અન્ય યુનિવર્સિટી અથવા નોકરી દરમ્યાન વિધાર્થીઓના ડોક્યુમેન્ટની ચકાસણી Online પુરી પાયાની સુવિધા પુરી પાડે છે. જે અંતર્ગત યુનિવર્સિટી દ્વારા NSDL અને CDSL સાથે MoU કરવામાં આવેલ છે. જે વિચારણા કરવા બાબત... (બિડાણઃ૮ પૃઃ એમ.ઓ.યુ)

**(નોંધઃ કાર્યસૂચિમાં બાબત ક્રમાંકઃ૮.૫માં બિડાણ નંબરઃ૮ આપેલ હતો અને બાબત ક્રમાંકઃ૧૮ માં પણ બિડાણ નંબરઃ૮ આપેલ છે. બાબત ક્રમાંકઃ૧૮ માં બિડાણ નંબરઃ૮.૧ વંચાણે લેવા વિનંતી છે.)**

**આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ એકેડેમિક ડિપોજીટરી કે જે NSDL અને CDSL કંપનીઓ દ્વારા વિધાર્થીઓ એનાયત કરવામાં આવતા ડીગ્રી સર્ટીફીકેટનું ડિજીટલ ફોર્મમાં રૂપાંતરીત કરે છે. અને જેને ઉચ્ચ શિક્ષણ માટે અન્ય યુનિવર્સિટી અથવા નોકરી દરમ્યાન વિધાર્થીઓના ડોક્યુમેન્ટની ચકાસણી Online પુરી પાવાની સુવિધા પુરી પાડે છે. જે**

**અંતર્ગત યુનિવર્સિટી દ્વારા NSDL અને CDSL સાથે કરવામાં આવેલ MoU મુજબ જરુરી કાર્યવાહી કરવી, જે અંગેના લાભ નીચે પ્રમાણે થશે.**

**(૧) શૈક્ષણિક સંસ્થાઓને ફાયદા :-**

**ઉપરોક્ત સુવિધાથી વિદ્યાર્થીઓને ઈશ્યુ કરવામાં આવતા ડીગ્રી સર્ટીફીકિટની કાયમી જાળવણી, ડુપ્લીકિટ ઈશ્યુ કરવાના પ્રશ્નો, ફેક માર્કશીટ, ડિગ્રી સર્ટીફીકિટના પ્રશ્નો, સર્ટિફિકેટ જોડે છેડછાડ થવાના પ્રશ્નો દુર કરી શકાશે.**

**(૨) વિદ્યાર્થીઓને ફાયદાઃ-**

**૧. વિદ્યાર્થીઓને ડોક્યુમેન્ટ ચકાસણી માટે યુનિવર્સિટીમાં રૂબરુ મુલાકાતમાંથી મુક્તિ મળશે.**

**૨. સર્ટીફીકિટનું ખોવાઈ જવું, ફાટી જવું વગેર પ્રશ્નો દુર થશે.**

**(૩) ડોક્યુમેન્ટ ચકાસણી માટે મોકલનાર સંસ્થાઓને ફાયદાઃ-**

**૧. તુરત Online ચકાસણી કરી શકશે.**

**૨. ચકાસણી માટેના ટાઈમમાં ઘટાડો કરી શકાશે.**

**૩. 24 x 7 online ચકાસણી કરી શકશે.**

**(૪) યુનિવર્સિટી દ્વારા ડીસેમ્બર-૨૦૧૭માં એનાયત કરવામાં આવેલ કુલ ૧૧,૭૩૪ વિદ્યાર્થીઓના ડીગ્રી સર્ટીફીકિટના ડેટા online NAD Portal ઉપર upload કરવામાં આવેલ છે.**

**(૫) UGC દ્વારા સર્વે યુનિવર્સિટીને નીચે મુજબની કાર્યવાહી માટે જાણ કરેલ છે.**

**૧. NAD Cell ની રચના કરવી.**

**૨. યુનિવર્સિટીમાં એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કરાવેલ તમામ વિદ્યાર્થીઓને NAD (NationalAcademic Depository) ઉપર રજીસ્ટ્રર કરાવવા.**

**(૬) યુનિવર્સિટી દ્વારા G.H. Patel Computer Center ખાતે NAD (National Academic Depository) Cell સ્થાપવામાં આવેલ છે.**

**(૭) વિદ્યાર્થીઓએ https://nad.ndml.in/NAD/newStudentRegistrationScreen .html. ઉપર જઈને રજીસ્ટ્રેશન કરાવવું પડશે. ત્યારબાદ વિદ્યાર્થીને પોતાનો NAD દ્વારા ID ફાળવવામાં આવશે.**

**(૮) NAD ID વગર વિદ્યાર્થી પરીક્ષાનું ફોર્મ ભરી શકશે નહી.**

**(૯) ઉપરોક્ત બાબતે યુનિવર્સિટીના તમામ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કરેલ સર્વે વિદ્યાર્થીઓને(National Academic Depository) ઉપર રજીસ્ટ્રર કરાવવા જણાવવું પડે.)**

**(પરીક્ષા વિભાગ)**

૧૯. **શ્રી. પી. એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ સાયન્સ, આણંદના** M.Sc. (Microbiology) - IV semester **માં બેઠક ક્રમાંક ૧૩૪ના** PS04CMIC23 **વિષયમાં અને બેઠક ક્રમાંક ૧૨૬ના** PS04CMIC24 **વિષયમાં એપ્રિલ - ૨૦૧૯ની યુનિવર્સિટીની બાહ્ય પ્રેકટીકલ અને** Viva **પરીક્ષાના માર્ક્સમાં જોવા મળેલ વિસંગતતા બાબતે તપાસ સમિતિ દ્વારા સોપવામાં આવેલ અહેવાલ ઉપર જરૂરી ચર્ચા વિચારણા કરવા બાબત.** (બિડાણઃ૯)

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ સાયન્સ, આણંદના M.Sc.(Microbiology) - IV semester માં બેઠક ક્રમાંક ૧૩૪ના PS04CMIC23 વિષયમાં અને બેઠક ક્રમાંક ૧૨૬ના PS04CMIC24 વિષયમાં એપ્રિલ - ૨૦૧૯ની યુનિવર્સિટીની બાહ્ય પ્રેકટીકલ અને Viva પરીક્ષાના માર્ક્સમાં જોવા મળેલ વિસંગતતા બાબતે તપાસ સમિતિ દ્વારા સોપવામાં આવેલ અહેવાલ સ્વીકારવો, તદ્‌અનુસાર સંબંધકર્તા અધ્યાપકોને તથા પરીક્ષા કેન્દ્ર બાબતે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવી.**

**(૧) PS04CMIC23 અને PS04CMIC24 બંને વિષયોના માર્ક્સમાં જોવા મળેલ વિસંગતતા કે જે કોલેજના વડાશ્રીની, પરીક્ષકોની ઈરાદાપુર્વકની બેદરકારીને કારણે થવા પામેલ હોવાથી તપાસ દરમ્યાન ઈરાદાપુર્વક બદલેલ માર્કસ ધ્યાને લઈ PS04CMIC23 વિષયમાં બેઠક નંબર ૭,૫૫,૧૧૨,૧૩૪ અને ૨૩૩ ના ઉત્તરવહી ઉપર પરીક્ષક દ્વારા મૂકવામાં આવેલ માર્ક્સને ધ્યાને લઈ નવી માર્કશીટ ઈસ્યુ કરવી. તેમજ PS04CMIC24 વિષયોમાં વિદ્યાર્થી હીતને ધ્યાને લઈ બેઠક નંબર ૧૨૬ ના વિદ્યાર્થીને કોલેજ દ્વારા આપવામાં આવેલ ૪૦ માર્ક્સને આધારે નવી માર્કશીટ ઈસ્યુ કરવી.**

| બેઠક ક્રમાંક | ઉત્તરવહી ઉપર મુકવામાં આવેલ માર્ક્સ | કોલેજ દ્વારા રજૂ કરેલ ફાઈનલ માર્કશીટ | કોલેજ દ્વારા રજૂ કરેલ કાચી માર્કશીટ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૦૭ | ૪૯ | ૫૯ | ૫૯ |
| ૫૫ | ૪૫ | ૫૪ | ૫૪ |
| ૧૧૨ | ૩૬ | ૩૦ | ૩૦ |
| ૨૩૩ | ૨૧ | ૨૮ | ૨૮ |

**(૨) PS04CMIC23 અને PS04CMIC24 બંને વિષયોની પ્રાયોગીક પરીક્ષાઓ, પ્રાયોગીક પરીક્ષાના વિકેન્દ્રીકરણ અનુસાર શ્રી. પી. એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઈન સાયન્સના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ તેઓની જ કોલેજમાં યોજાયેલ હતી જે દરમ્યાન કોલેજના વડાશ્રી દ્વારા PS04CMIC23 અને PS04CMIC24 વિષયોની પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓને આપવામાં આવતી પુરવણી, પરીક્ષા બાદ તૈયાર કરવામાં આવતી માર્કશીટ, પરીક્ષા દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતી પુરવણીજે યુનિવર્સિટીની માલીકીની હોવા છતાં યુનિવર્સિટીને કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય સીધુ જ રદ કરી પુરવણીનો સીધે-સીધો નિકાલ કરેલ જે ખૂબ જ ગંભીર બાબત ધ્યાને આવેલ તેમજ કોલેજના પરીક્ષકો દ્વારા પરીક્ષા દરમ્યાન સંપૂર્ણ બેદરકારી દાખવેલ હોવાથી**

**સમિતિ દ્વારા આગામી બે વર્ષ સુધી M.Sc.(Microbiology) વિષયમાં પ્રાયોગીક પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા સદર કોલેજ નું પરીક્ષા કેન્દ્ર રદ્ કરવું અને બાહ્ય પરીક્ષકોની નિમણૂક કરી પરીક્ષાનું આયોજન કરવુ.**

**(૩) કન્વીનર શ્રી ડૉ. રક્તીમ મુખર્જી, સુશ્રી મેધા દવે, શ્રી આકાશ પટેલ અને સુશ્રી પ્રિયંકા દલવાડીને બેકાળજી અને બેદરકારી દાખવેલ હોવાથી તેઓને સમિતિ દ્વારા ૨ વર્ષ માટે તમામ યુનિવર્સિટી પરીક્ષા લક્ષી કાર્યોમાંથી બાકાત રાખવા.**

**વધુમાં પી.જી માઇક્રો બાયોલોજીનું સદર સંસ્થાનું યુનિવર્સિટી પરીક્ષાનું કેન્દ્ર સત્વરે બંધ કરવું અને પ્રાયોગિક પરીક્ષાઓનું આયોજન જે તે વિધાર્થીઓની સંખ્યાને અન્ય પરીક્ષા કેન્દ્રોમાં સરખી સંખ્યામાં વિભાજીત કરી શકયતાઓ ચકાસી યોગ્ય તે કાર્યવાહી કરવી.**

## અધ્યક્ષસ્થાને થી રજૂ થયેલ બાબત.

સિન્ડિકેટ સભ્યશ્રી અલ્પેશ પુરોહિતના તા.૦૬.૦૬.૨૦૧૯ના પત્રક્રમાંકઃઆર.સી.એફઃએસ.વાય. એન. - ૯૫ તથા તેના અનુસંધાનમાં જનસંપર્ક અધિકારીશ્રી, જીલ્લા કલેકટરશ્રી કચેરી દ્વારા આવેલ પત્રો સિન્ડિકેટ સભામાં વંચાણે લેવા વિનંતી કરવામાં આવી હતી.

**સદર પત્રો વંચાણે લઈ સિન્ડિકેટ સભાએ વિસ્તૃત ચર્ચા વિચારણા કરી સર્વાનુમતે નીચે પ્રમાણે ઠરાવ્યું હતુ,**

**૧. સિન્ડિકેટ સભ્યશ્રી અલ્પેશ પુરોહિત વારંવાર પત્રો લખીને કુલપતિશ્રી, કુલ સચિવશ્રી, સિન્ડિકેટ સભ્યશ્રીઓ અને યુનિવર્સિટીના સમગ્ર સ્ટાફ ઉપર વારાફરતી મનધડત આક્ષેપો કરે છે.**

**૨. તેમ છતાં તેઓશ્રીએ તા.૦૬.૦૬.૨૦૧૯ના પત્રક્રમાંકઃ આર.સી.એફઃએસ.વાય. એન. - ૯૫ દ્વારા જીલ્લા કલેકટરશ્રી કચેરીને સીક્યુરીટી ટેન્ડર પ્રક્રિયા ખોટી છે તેમાં આર્થિક હિતને ધ્યાનમાં રાખેલ છે તેવા બેબુનિયાદ અને અતિ ગંભીર આક્ષેપો કરી ફરી એક વખત સરદાર પટેલ યુનિવર્સિટીની સંસ્થાકીય ગરીમા તથા ટેન્ડર પ્રક્રિયા સાથે સંકળાયેલા સિન્ડિકેટ સભ્યશ્રીઓ અને કર્મચારીગણની વ્યકિતગત પ્રતિષ્ઠાને કોઇ પણ જાતના આધાર પુરાવા વગર આક્ષેપો કરી પારાવાર નુકશાન પહોંચાડેલ છે.**

**૩. સદર ટેન્ડર પ્રક્રિયા સરકારશ્રીના નિયમો હેઠળ સંપૂર્ણ કાયદાકીય રીતે પુરી પારદર્શિતા સાથે જ ઓન લાઇન ટેન્ડર પદ્ધતિથી થયેલ છે. જેમાં સરકારશ્રીના નિયમો મુજબ લધુતમ ભાવ જેના હોય તેને કામ આપવાની પદ્ધતિ અપનાવવામાં આવેલ છે, યુનિવર્સિટીના નિયમ અનુસાર ટેન્ડર કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં સિન્ડિકેટ સભ્યો પણ હતા. જેથી તેઓએ કરેલ તમામ આક્ષેપો બેબુનિયાદ ઠરે છે.**

**૪. સિકયુરીટી ટેન્ડર પ્રક્રિયાના એક વર્ષ બાદ અતિ ગંભીર બાબત છે કે સિન્ડિકેટ સભ્યશ્રી અલ્પેશ પુરોહિત તા.૦૬.૦૬.૨૦૧૯ના પત્રમાં આક્ષેપો કરેલ છે. તેમણે સદર ટેન્ડરમાં**

નિયમાનુસાર જે પાર્ટીને કામ નથી મળી શકયું તેમને કામ અપાવવા અને કંઇ ન થાય તો છેવટે અડધુ અડધુ કામ વહેંચી આપવા સુધીની નિયમો વિરુદ્ધની માંગણીઓ યુનિવર્સિટીના સતાધીશો સમક્ષ કરેલ હતી. તેમની આ માંગણી ગેરકાયદેસર હોય સ્વીકારવી શકય ન હતી. તેથી તેમણે નારાજ થઇને તેમની હંમેશની કાર્યશૈલી મુજબ મનઘડત આક્ષેપો કરી કલેકટરશ્રીને પત્ર લખેલ છે.

૫. આ આગાઉ પણ તેઓશ્રીએ કરેલ આક્ષેપો સંદર્ભમાં પુરાવા રજુ કરવાનુ કહેતા સદર પુરાવા આપવાના બદલે વાત ફેરવી તોળીને મનઘડત અર્થઘટનો કરી પોતાને અનુકુળ શબ્દ અર્થ કરે છે. જે કોઇ પણ રીતે વાજબી નથી.

૬. ઉદાહરણ સ્વરૂપે આ અગાઉ તેઓએ વિવિધ કોલેજોમાં કમિટી(ઓન-ધ-સ્પોટ/લોકલ ઇન્કવાયરી કમિટી) સભ્યો તરીકે જઇ રહેલા સિન્ડિકેટ સભ્યો કોલેજોનું જોડાણ ચાલુ રાખવા મસમોટા તોડ કરે છે તેવો ગંભીર આક્ષેપ કરેલ. તે અનુસંધાનમાં સિન્ડિકેટ સભામાં તેમની રૂબરૂમાં ચર્ચા દરમ્યાન પુરાવા રજુ કરવાનુ કહેતા ઉડાઉ જવાબ આપતા કહેલ કે તેમણે નાણાંકીય તોડની વાત નથી પણ માનસિક તોડની વાત કરી છે.

૭. સિન્ડિકેટ સભ્યશ્રી અલ્પેશ પુરોહિતના વરંવાર આવા પાયાવિહોણા આક્ષેપો પૈકી આજદીન સુધી એક પણ આક્ષેપ પુરવાર કરી શકયા નથી. બીજી બાજુ વખતો વખત આવા આધાર પુરાવા વગરના આક્ષેપો કરી રોજબરોજના વહીવટમાં પણ બાધારૂપ બને છે. વધુમાં પ્રમાણિકતાથી કામ કરતા નિષ્ણાંતો અને કર્મચારીઓને વિચલીત કરે છે.

આ સમગ્ર બાબત અંત્યત ગંભીર હોઇ તા.૧૪.૦૬.૨૦૧૯ના રોજ મળેલ સિન્ડિકેટ સભામાં તેમની આ પ્રવૃતિને વખોડી કાઢવામાં આવેલ હતી વધુમાં તેમની પાસે પુરાવા ન હોય તો ભવિષ્યમાં આવી ચેષ્ટા અને આક્ષેપો ન કરવા તાકીદ કરવામાં આવેલ.

આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઇ સિન્ડિકેટ સભ્યશ્રી અલ્પેશ પુરોહિતની નિતીને સર્વાનુમતે વખોડી કાઢવામાં આવેલ છે વધુમાં ઠરાવવામાં આવે છે કે આવી મનઘડત વાતો અને તથ્યવિહોણા આક્ષેપો કરતા હોવાથી તેઓશ્રીના પત્રોને વંચાણે જ લેવા નહિ. તેઓ નકકર પુરાવા સાથે આક્ષેપો પુરવાર કરે ત્યારે જ યથાયોગ્ય નિર્ણય લેવો તેઓશ્રીને ફરી એક વખત તાકીદ કરવી કે આ રીતે આધાર પુરાવાહીન આક્ષેપો કરી સંસ્થા અને અન્ય સૌની માનહાની થાય તેવી પ્રવૃતિ બંધ કરી સાચા અર્થમાં સકારાત્મક કાર્યો દ્વારા સંસ્થાની ગરીમા અને ગૌરવ વધે તેવા કાર્યો કરવામાં સહકાર આપે.

નંબરઃ કે.૪/૨૨૦૮
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૦૧/૦૮/૨૦૧૯

Emajmudar
કા. કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.